

ગાંધીનગર સમાચાર

# શહેરની શાળા - કોલેજોમાં વિદ્યાર્થીઓએ ઉજવ્યો રંગોત્સવ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં આવેલી વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ આજે શાળા છુટ્યા બાદ શાળાના પ્રાંગણમાં હોળી અને ધુળેટીની ધામધુમ પૂર્વક ઉજવણી કરી હતી. શાળા - કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ એકબીજા પર રંગની વર્ષા કરીને હોળી પર્વની ઉજવણી કરી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ સવારથી પોતાના મિત્રોને રંગોથી રંગીને સુકી હોળીનો સંદેશો આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ગુરુવારના રોજ ધુળેટીની રજા જાહેર કરી હોવાથી આજે વિદ્યાર્થીઓ દ્વારા શાળા કોલેજોમાં આજે હોળી - ધુળેટીના પર્વની ઉજવણી કરીને શુભકામનાઓ પાઠવી હતી.

હોળીનો તહેવાર એ રંગોનો તહેવાર છે આ પર્વ બાળકોમાં અતિપ્રિય હોય છે. રંગબેરંગી કલરથી રંગાઈને બાળકો તહેવારની મોજ માણે છે. અસત્ય પર સત્યના વિજય સમાન આ તહેવારમાં અબાલ - વૃદ્ધ સૌ કોઈ જોડાય છે. ધુળેટીની મજા આજે શાળા કોલેજોમાં વિશેષ રીતે વિદ્યાર્થીઓએ માણી હતી. ધુળટીની રજા હોવાથી સવારથી જ પોતાના મિત્રોને રંગથી ભીંજવી દેવા કલરોના પેકેટ શાળામાં લઈને વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હતા અને શાળા છુટવાની રાહ જોતા હતા. શહેરની વિવિધ શાળા-કોલેજોની બહાર છુટવાના સમય બાદ વિદ્યાર્થી ભાઈ-બહેનો એકબીજા પર કલર નાંખીને હોળી ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. તો કેટલાક વિદ્યાર્થીઓએ હોળીની ઉજવણી કરીને મોડો ઘરે આવીશ તેવુ જણાવીને આવ્યા હતા. શાળા છુટ્યા બાદ એક કલાક જેટલો સમય ધુળેટીની ઉજવણીમાં વિદ્યાર્થીઓ અને યુવાનોએ વિતાવ્યો હતો. જયારે કેટલાક વિદ્યાર્થીઓએ તો વોટર બોટલને પીચકારી બનાવી હતી. શાળા પ્રાંગણમાં વિદ્યાર્થીઓને જોઈને સૌ કોઈને પોતાની જુની યાદો તાજી થઈ હતી. શાળા - કોલેજોમાં રંગોત્સવની ઉજવણી કરીને ઘરે ગયેલા વિદ્યાર્થીઓને જોઈ એક સમય માટે પરિવારના સભ્યો પણ અચંબામાં પડી ગયા હતા. શાળાના પ્રાંગણ પણ વિવિધ રંગો ઢોળાતા કલરફુલ લાગ્યા હતા. હોળી એટલે રંગોનો તહેવાર રંગોના તહેવારની ધામધુમથી ઉજવણી કરીને સુકી હોળીનો સંદેશો આપી ને વિદ્યાર્થીઓ હોળી પર્વની શુભકામનાઓ મિત્રોને પાઠવી હતી. શહેરની શાળા કોલેજોમાં આજે રંગોત્સવ ધામધુમથી મનાવ્યો હતો.





(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૭ના કોમ્યુનિટી હોલ ખાતે કાર્યવાહક સમિતિના સભ્યોના શપથવિધિ સમારોહ યોજાશે.

● કુંદનબેન જાદવના નિવાસસ્થાન રાયસણ શુભ આવાસ યોજના, એ વિભાગ ૧૦૬, પહેલા માળ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● આર્ટ લવર્સ દ્વારા સાંજે ૭.૦૦ કલાકે ચ-૦ ફનવર્લ્ડ ખાતે સૂફી ગીતોનો ગુલદસ્તો 'સઝદા' કાર્યક્રમ રજૂ કરાશે.

● ક-૭ ચોકડી સ્થિત શિવાલય પાર્ટી પ્લોટ ખાતે ધુળેટી નિમિત્તે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ડીજે સંગ હોલીનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગરના ભાટ ગામ ખાતે આવેલ નારાયણી હાઈટસ દ્વારા 'ટોમેટીનો ફેસ્ટ એન્ડ રેઈન ડાન્સ' પાર્ટી યોજાશે.

● મહુડી સ્થિત બંસરી ગ્રીન રીસોર્ટ ખાતે ધુળેટી નિમિત્તે કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● સે-૧૧માં અખબાર ભવનની બાજુમાં આવેલ ઝુંપડપટ્ટીના બાળકોને એક શ્રમિક મહિલાએ પિચકારીઓનું વિતરણ કર્યું હતું. પોતે શ્રમજીવી હોવા છતા આ મહિલાએ હોળીના તહેવારે બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવાનું કાર્ય કરી તહેવારને સાચા અર્થમાં ઉજવ્યો હતો.

● ગાંધીનગર નજીકના પાલજ ગામે હોળીના દિવસે અંગારા પર ચાલવાનો અગનખેલ યોજાય છે. આ અગનખેલની પરંપરાને ધ્યાનમાં રાખીને કોઈ શ્રધ્ધાળુ દાઝી જાય તો તાત્કાલિક સારવાર આપી શકાય તે હેતુથી સિવિલ હોસ્પિટલની એક વિશેષ ટીમ સ્થળ પર હાજર રહેવા પહોંચી હતી.

● સે-૭માં માર્કેટમાં હોળીના તહેવારને પગલે રંગ, પિચકારી, ધાણી-ખજૂર વગેરે વેચનારા ફેરિયાઓની લારીઓ મોટી સંખ્યામાં જોવા મળી હતી. આ ફેરિયાઓમાં પોતાની લારી આગળના સ્થાને મુકવા નાની મોટી રકઝક-બોલાચાલીની ઘટનાઓ પણ સર્જાઈ હતી.

● શહેરમાં ઉનાળાનો માહોલ છે પરંતુ ગાંધીનગરના ફાયર સ્ટેશન સંકુલમાં રાત્રિના સમયે તાપણાં કરેલા જોવા મળે છે. હકીકતમાં આ તાપણા ત્રાસદાયક મચ્છરોને ભગાડવા માટે કરવામાં આવી રહ્યાં છે.

● શહેરના 'ચ' રોડ પર રંગોનો માહોલ ખૂબ જામ્યો છે. આ માર્ગે ગુલમહોર ખિલી ઉઠયા હોવાથી ઠેર ઠેર લાલ અને પીળા ફુલોથી આચ્છાદિત નયનરમ્ય દશ્ય ખડું થઈ રહ્યું છે.

# સિવિલનો નવો ગેટ તંત્ર માટે માથાના દુ:ખાવા સમાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા પાંચ માળની ઓપીડી તેમજ આઠ માળની નવિન બિલ્ડીંગ બનાવાઈ છે. હોસ્પિટલના આ નવિનીકરણની સાથે સાથે સિવિલમાં નવો ગેટ પણ તૈયાર બનાવવામાં આવ્યો છે. તાજેતરમાં લોકઉપયોગી માટે ગેટના દ્વાર ખુલ્લા મુકવામાં આવ્યા છે. પરંતુ સિવિલના સતાધિશો માટે આ ગેટ માથાના દુ:ખાવા સમાન બની ગયો છે. નવા દ્વારમાંથી પ્રવેશતા લાભાર્થીઓ દ્વારા આડેધડ પાર્કીગ કરવામાં આવે છે જેને પરિણામે સિક્યુરીટી ગાર્ડ અને વાહનચાલકો વચ્ચે રોજ ચકમક ઝરે છે. જેથી હોસ્પિટલનો નવો ગેટ બંધ કરવાનું સિવિલના સતાધિશો પણ વિચારી રહ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. અત્યારે હાલના સમયે દર્દીઓની માળખાકીય સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓ માટે આઠ માળનો ઈન્ડોર વિભાગ તેમજ પાંચ માળની ઓપીડી વિભાગ તૈયાર કરાયો છે. સિવિલમાં રોજના હજજારો લાભાર્થીઓ લાભ લે છે. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના દર્દથી કણસી રહેલા દર્દીઓ માટે ગાંધીનગર સિવિલ આશીર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે દર્દીઓથી ઉભરાતી સિવિલમાં વાહન પાર્કીગ માટે રોજ ડખા થાય છે. તાજેતરમાં દર્દીઓને કોઈ અગવડ ના પડે માટે સિવિલ તંત્ર દ્વારા નવો ગેટ ખુલ્લો મુકાયો છે. આ ગેટમાંથી પહેલા ચાલતા દર્દીઓને અંદર પ્રવેશ આપવામાં આવતો હતો ત્યારબાદ વાહનો લઈને પણ દર્દીઓ આવતા રોજ ઝઘડા થતા વાહનો લઈને પણ પ્રવેશ આપવામાં આવે છ. પરંતુ સિવિલમાં દર્દીઓ તેમજ સગાઓ દ્વારા આડેધડ પાર્કીગ કરવામાં આવે છે. જેને લઈને હોસ્પિટલમાં પાર્કીગની સમસ્યા વકરી છે. કેન્ટીન પાસે વાહનો મુકીને જતા રહેતા વાહનચાલકો તેમજ કેન્ટીન બાજુથી મેડીકલ બાજુ આવન જાવન માટે વાહનનો ઉપયોગ કરતા હોવાથી તંત્રને ભારે પરેશાની ભોગવવી પડે છે. સિક્યુરીટી ગાર્ડ ને બેરીકેટસ હટાવવા મામલે રોજ લોકોના રોષનો ભોગ બનવુ પડે છે. વાહન ચાલકો અને સિક્યુરીટી ગાર્ડની લડાઈ ઉચ્ચકક્ષા સુધી પહોંચતા અધિકારીઓને પણ આ ગેટ હવે માથાના દુખાવા સમાન લાગી રહ્યો છે. ત્યારે ગેટ બંધ કરવાનું સિવિલના અધિકારીઓ વિચારી રહ્યા છે. આગામી ટુંક સમયમાં બંધ પણ કરી દેવાય તો નવાઈ નહી.



# રાયસણનાં આનંદ ફાર્મમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

### વિદેશી દારૂની ૧૦ બોટલ તથા ૭૨ નંગ બિયરના ટીન સાથે ચોકીદારની ધરપકડ : એક શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૨૩

ઈન્ફોસીટી પોલીસની ટીમે આજે પરોઢીયે રાયસણ ખાતે સ્થિત આનંદ ફાર્મમાં ચોકકસ બાતમીને આધારે દરોડો પાડી ફાર્મમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો છે. ફાર્મમાં સંતાડેલી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી રૂ. ૩૧,૫૦૦ના મુદ્દામાલ સાથે ઈન્ફોસીટી પોલીસે ફાર્મના ચોકીદારની ધરપકડ કરી લીધી છે.

ઈન્ફોસીટી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ મહાવીર સોલંકી તથા અન્ય માણસોએ વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં બાતમીને આધારે રાયસણ સ્થિત આનંદ ફાર્મમાં દરોડો પાડયો હતો. પોલીસની ટીમે ફાર્મમાં સર્ચ કરી અંદરથી ૧૦૫ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૭૨ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૩૧,૫૦૦ની કિંમતનો દારૂ-બિયર ઝડપી પાડયો હતો. દારૂ-બિયર સાથે ફાર્મના ચોકીદાર કે જે મુળ આણંદના વતની છે અને ઘણા સમયથી ફાર્મમાં જ રહે છે અને ચોકીદારીની આડમાં દારૂના વેપલા સાથે સંકળાયેલા છે તેવા મુકેશ કાંતી ઠાકોરની ધરપકડ કરી લેવામાં આવી છે. આ ગુનાનો મુખ્ય સુત્રધાર છના ઠાકોર (રહે. રાયસણ) હજુ ફરાર છે. પોલીસે મુદ્દામાલ કબ્જે કરી ચોકીદારની ધરપકડ કરીને બુટલેગરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે ઝેવિયર્સ સ્કૂલ ખાતે રંગોત્સવનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ટેકસા-જી ધ એકસ ઝેવિયરાઈટ એસોસિએશન દ્વારા તા.૨૪મી માર્ચને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સેકટર-૮, સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે 'રંગોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. ધૂળેટીની ભવ્ય ઉજવણી નિમિત્તે ટેકસા જીના ભૂતપૂર્વ તથા હાલના વિદ્યાર્થીઓ શિક્ષકો આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી મેળવવા માટે સુકેતુ મહેતા-૯૯૨૫૨૨૯૨૦૪૧નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# ચિલોડા બસ સ્ટેન્ડ પાસેથી રોમીયો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા બસ સ્ટેન્ડ પાસે સવારે દશેક વાગ્યાના અરસામાં એક શખ્સ ત્યાંથી અવર જવર કરતી યુવતીઓના ફોટો મોબાઈલમાં પાડીને વિકૃત આનંદ લઈ રહ્યો હતો. આ રોમિયો પર ધ્યાન જતા તેને પકડીને પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. ચિલોડા પોલીસે તેની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા સર્કલ નજીક સ્થિત એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે આજે સવારના અરસામાં એક શખ્સ ઉભો ઉભો પોતાના મોબાઈલમાં ત્યાંથી અવર જવર કરતી યુવતીઓના ફોટો પાડી રહ્યો હતો. એસ.ટી. કંટ્રોલર રાજદીપ રાઠોડનું ધ્યાન આ શખ્સ પર પડતા તે શખ્સને પકડવા દોડયા અને જે યુવતીનો ફોટો પાડયો તેનું પણ ધ્યાન એ શખ્સ પર પડી જતા બુમાબુમ કરતા ટોળુ ભેગુ થઈ ગયું હતું. આ શખ્સને પકડવા ટોળુ અડધો કિલોમીટર દોડયું ને આખરે પકડી પાડવામાં આવ્યો અને પોલીસને સોંપવામાં આવ્યો હતો. મહાદેવપુરા પ્રાંતિયા વિસ્તારના ૩૨ વર્ષીય પરણિત યુવાન અરવિંદ ભલા ઠાકરની સામે કાયદેસરની કાર્યવાહી કરીને ધરપકડ કરી પુછપરછ કરતા તે નફફટાઈથી બોલી ઉઠયો કે મને ફોટો પાડવામાં આનંદ આવે છે..! જો કે થોડી વાર રહીને ગુનાની ગંભીરતા સમજાતા તે ડરી ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે ભુલથી કેમેરો ચાલુ થઈ ગયો હતો. ચિલોડા પોલીસે તેની ધરપકડ કરી જમાદાર જયરામભાઈએ તપાસ શરુ કરી છે.

## હેતલ પ્રજાપતિએ પી.એચ.ડી.ની પદવી મેળવી

ગાંધીનગર, તા.૨૩

તાજેતરમાં હેતલ ગોપાલભાઈ પ્રજાપતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. તપસ ચક્રવર્તીના



માર્ગદર્શન હેઠળ 'ધ પોટ્રાયલ ઓફ વિમન ઈન મંજૂ કપૂરર્સ' વિષય પર શોધ નિબંધ રજૂ કર્યો હતો. એચ.એન.જી.યુ. પાટણ યુનિવર્સિટી દ્વારા તેણીને પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. આ સિધ્ધી બદલ સર્વેતરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## આજે સે-૩-ન્યુ ખાતે આદિવાસી પરિવાર દ્વારા ધુળેટી યોજાશે

ગાંધીનગર, તા.૨૩

આદિવાસી હોળી સમિતિ દ્વારા તા. ૨૪મી માર્ચના રોજ બપોરે ૨ થી સાંજના ૮ કલાક દરમિયાન ધૂળેટી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૩-ન્યુ, કેસુડિયાવન ખાતે તાલબધ્ધ ધૂળેટી પર્વ અંતર્ગત ઢોલ, કુંડી, લેઝીમ, ડાંડિયાના એક તાલમાં આદિવાસી પરીવારો ઝૂમી ઉઠશે. કાર્યક્રમના અંતે ખજૂર અને લાડુના પ્રસાદનું પણ આયોજન કરાયું છે. નગરના તમામ નગરવાસીઓને આ પર્વનો લાભ લેવા હોળી સમિતિના સભ્ય રસિક કટારાએ જણાવ્યું છે.



સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે એસએમવીએસ સ્વામિનારાયણ સંસ્થાના સ્વામી શ્રી બાપજીની જન્મ તિથી અનોખી રીતે ઉજવવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના ચિત્ર શિક્ષક રિશી બાપોદરાએ શ્રી બાપજીનું આબેહૂબ રેતશિલ્પ કંડાર્યું હતું.

# હોળી પર્વે આર્ટ લવર્સનો 'રંગોત્સવ'

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની આર્ટ લવર્સ સંસ્થા દ્વારા હોળીના તહેવાર નિમિત્તે બે દિવસીય કાર્યક્રમ રંગોત્સવનું આયોજન કરાયું છે. ચ-૦ પાસે ફનવર્લ્ડ ખાતે આયોજિત રંગોત્સવ કાર્યક્રમના પ્રથમ દિવસે તા. ૨૩મી માર્ચ હોળી નિમિત્તે સાંજે ૬.૩૭ કલાકે હોળી પ્રાગટયથી કાર્યક્નો પ્રારંભ કરાયો હતો. આ સાથે સંગીતમય કાર્યક્રમ 'ધૂમ મચાવે ધૂળેટી' યોજાયો હતો. તા. ૨૪મી માર્ચ ધુળેટીના દિવસે વધુ એક સંગીતમય સાંજ 'સઝદા'નું આયોજન કરાયું છે.

આર્ટ લવર્સ સંસ્થા દ્વારા દર વર્ષે હોળીના તહેવારે સંસ્થાના વાર્ષિકોત્સવ સમા કાર્યક્રમ 'રંગોત્સવ'નું આયોજન કરાય છે. આજે રંગોત્સવ કાર્યક્રમનો પ્રારંભ હોળી પ્રગટાવીને કરાયો હતો. આ સાથે મયુર દવેના સંગીતથી મઢેલ અને કવિ અંકિત ત્રિવેદી સંચાલિત 'ધૂમ મચાવે ધૂળેટી' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દિવ્યાંગ અંજારિયા, આનલ વસાવડા, પ્રહર વોરા અને નયના શર્મા જેવા ગુજરાતના જાણીતા ગાયકોએ શ્રોતાઓને કર્ણપ્રિય ગીતથી ડોલાવ્યા હતા. કાર્યક્રમમાં યુવા કવિ અંકિત ત્રિવેદીએ તેમની રસાળ છતાં અત્યંત રમૂજી શૈલીમાં સુંદર સંચાલન દ્વારા શ્રોતાઓને પેટ પકડીને હસાવવા સાથે ગીત સંગીતને સાંકળતી વાતો કરી રસપ્રદ માહોલ જમાવ્યો હતો.

રંગોત્સવ કાર્યક્રમમાં ગુરુવારે ધુળેટીના દિવસે પણ સંગીતમય કાર્યક્રમ 'સઝદા'નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ચિંતન મોઢાના સંગીત સંચાલનમાં પ્રસિધ્ધ ગાયકો મની રાજગીરે, આશિષ દેશમુખ, રાધિકા અત્રે અને વિવેક પાંડે-બનારસી ધૂળેટીની સાંજને સુમધુર બનાવશે. આ કાર્યક્રમનું સંચાલન સંદિપ પંચવટકર દ્વારા કરવામાં આવશે. આર્ટ લવર્સના પ્રમુખ હષિકેશ ભટ્ટ, મંત્રી રાજન શાહ, ખજાનચી નિલય દેસાઈ તથા અન્ય હોદ્દેદારો અને સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી છે.

# આ તો શૌચાલય છે કે 'ગંદકીનું ઘર'?

### સે-૧૭માં લાયબ્રેરી સામેના પાર્કિંગ લોટમાં ટોયલેટના દરવાજા તાળા બંધ રહેવાથી ગંદકીના ઘર સમા બન્યા : નજીકના સ્વર્ણિમ પાર્કના ટોયલેટસ પણ બંધ રહેતા હોવાથી વિદ્યાર્થીઓની હાલત કફોડી



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાનની વાતો ખૂબ મોટા પાયે કરવામાં આવી રહી છે. પરંતુ હકીકતમાં સ્વચ્છતાના નામે હજુ પણ શહેરમાં માત્ર દેખાડા સિવાય કોઈ નક્કર કાર્યવાહી થતી હોય તેવું જણાતું નથી. નગરમાં અનેક ઠેકાણે જાહેર શૌચાલયોની હાલત એટલી ભૂંડી છે કે તેની નજીક સુદ્ધાં જઈ શકાય તેમ નથી. સેકટર-૧૭માં લાયબ્રેરી સામે આવેલ પાર્કિંગ લોટના શૌચાલયથી માંડીને નજીકના સ્વર્ણિમ પાર્કના શૌચાલયો તો તાળાબંધી હોવાના કારણે ગંદકીના ઘર બન્યા છે.

સે-૧૭ ખાતે શહેરનું મધ્યસ્થ ગ્રંથાલય આવેલું છે જયાં અનેક વાચક નગરજનો ઉપરાંત શહેરના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આવે છે. આ વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા પણ સારા એવા પ્રમાણમાં હોય છે. મધ્યસ્થ ગ્રંથાલયમાં ટોયલેટની વ્યવસ્થા મર્યાદિત હોઈ આ વિદ્યાર્થીઓને ઘણીવાર બહાર અન્ય સ્થળે ટોયલેટ શોધવા નીકળવું પડે છે. લાયબ્રેરીની બરાબર સામે વિકસાવાયેલા પાર્કિંગ લોટમાં ટોયલેટસ બનાવાયા છે પરંતુ અગમ્ય કારણોસર તે હંમેશા તાળાબંધીથી બંધ જ જોવા મળે છે. વળી આ પાર્કિંગ લોટમાં ખાણીપીણીની લારીઓ ઉભી રહેતી હોઈ અહીં આવતા મુલાકાતીઓ દ્વારા આ ટોયલેટસનો બંધ હાલતમાં જ ઉપયોગ કરાય છે. આ તત્વો ટોયલેટસના દરવાજે જ 'લઘુશંકા' કરતા હોવાથી અહીં 'ગંદકીનું ઘર' સર્જાયું છે. આ ગંદકીના કારણે હવે નવા જ બનેલા ટોયલેટસ ખૂલે તો પણ તેનો ઉપયોગ કરવા અંદર કેવી રીતે જવું તે મોટો સવાલ ખડો થયો છે. આ ગંદકીના કારણે રોગજન્ય જીવાણુઓ ફેલાવાનો ભય પણ ઉભો થઈ રહ્યો છે.

વળી, નજીકમાં સ્વર્ણિમ પાર્ક ખાતે પણ ટોયલેટસ બનાવાયા છે પરંતુ તે પણ આજ હાલતમાં હોવાથી વિદ્યાર્થીઓ માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વિદ્યાર્થીઓની હાલત કફોડી થઈ જવા પામે છે. અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો પણ સતત માથુ ફાટી જાય તેવી દુર્ગંધથી પરેશાન થઈ રહ્યા છે. સત્વરે તંત્ર દ્વારા આ તમામ ટોયલેટસની સફાઈ કરાવી તેને ખુલ્લા કરી નિયમિત સફાઈ કરાય તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠવા પામી છે.



સૅક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે શહીદ દિવસ નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ જેવા ક્રાંતિવીરો અંગેની શૌર્યભરી વાતો શિક્ષકો દ્વારા આ પ્રસંગે વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી અને ત્યારબાદ વિદ્યાર્થીઓ વચ્ચે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન આરંભાયું હતું. ધોરણ-૯માં અભ્યાસ કરતી સંજનાએ આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવ્યું હતું. કાર્યક્રમના અંતે શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. વરજુબેન, ઉ.વ.૬૦